RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 301* Date: 21.08.2023,Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## ગંગોત્રી હાઈવે પર ખીણમાં ખાબકી ૩૩ મુસાફરો ભરેલી બસ, ૭ના મોત



ગંગોત્રી, તા.૨૦

ઉત્તરાખંડના ગંગોત્રી હાઈવે પર આજે મોટી દુર્ઘટના સર્જાઈ છે. અહીં ૩૩ મુસાફરો ભરેલી બસ ખીણમાં ખાબકી હોવાના અહેવાલો મળ્યા છે. હાલ મળતા અહેવાલો મુજબ ઘટનામાં ૭ લોકોના મોત નિપજ્યા છે, જ્યારે ઘણા લોકો ઈજાગ્રસ્ત થયા છે. દુર્ઘટનાની જાણ થતાં જ એસપી, એસડીએમ, એસડીઆરએફ, એનડીઆરએફ, ફાયર સર્વિસ અને ઉત્તરકાશીની ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે છે. હાલ રેસ્ક્યુ ઓપરેશન પુરજોશમાં ચાલી રહ્યું છે. મળતા અહેવાલો મુજબ ગંગોત્રીથી ઉત્તરકાશી બસ નં.યુકે ૦૭ ૮૫૮૫ જઈ રહી હતી. આ દરમિયાન ગંગોત્રી હાઈવે પર ગંગનાની પાસે ડ્રાઈવરે બસ પરનો કાબુ ગુમાવતા બસ ખીણમાં ખાબકી હોવાના અહેવાલો મળ્યા છે. ઘટનામાં ૭ લોકોના મોત થયા છે. હાલ બચાવ કામગીરી પુરજોશમાં ચાલી રહી છે અને અત્યાર સુધીમાં કુલ ૧૯ લોકોને રેસ્ક્યુ કરી બહાર કાઢવામાં આવ્યા છે. ઉલ્લેખનિય છે કે, ૧૫ ઓગસ્ટે પણ દેહરાદુનથી ઉત્તરકાશી આવી રહેલી પરિવહન નિગમની બસ મૌરિમાણા પાસે દુર્ઘટનાગ્રસ્ત થઈ હતી, જેમાં ૨૦ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

## ૨૩ ઓગસ્ટથી અમરનાથ યાત્રા અસ્થાયી રૂપે સ્થગિત



તા. ૨૦ ઓગસ્ટ

અમરનાથ યાત્રા શ્રાઈન બોર્ડના સત્તાવાર પ્રવક્તાએ કહ્યુ કે ભગવાન શિવની પવિત્ર લાકડી 'છડી મુબારક' ને પરંપરાગત પહેલગામના રસ્તે લઈ જવામાં આવશે અને તેની સાથે જ ૩૧ ઓગસ્ટના રોજ યાત્રાનું સમાપન થશે. આ વર્ષે ૧ જુલાઈથી શરૂ થયેલી અમરનાથ યાત્રામાં અત્યાર સુધીમાં ૪.૪ લાખથી વધુ શ્રદ્ધાળુઓ બાબા બર્ફાનીના દર્શન કરી ચુકી છે. દક્ષિણ કાશ્મીર હિમાલયમાં આવેલ અમરનાથ યાત્રા ૨૩ ઓગસ્ટથી અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવી છે. આ બાબતે જે કારણ બતાવવામાં આવ્યું છે જેમા ગુફા તરફ જવાના બંને રસ્તાઓ પર મરામતનું કામ ચાલી રહ્યું હોવાથી હાલમાં બંધ કરવામાંઆપવામાં આવી છે. જેના કારણે યાત્રાળુઓની સંખ્યામાં ઘટાડો થયો છે. ત્યારબાદ ૨૩ ઓગસ્ટથી અમરનાથ યાત્રાને અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવશે.શ્રાઈન બોર્ડના અધિકારીઓને માહિતી આપતા કહ્યુ હતું કે, ×તીર્થયાત્રીઓની અવરજવરમાં નોંધપાત્ર ઘટાડો અને બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (ર્મ્ઈ) દ્વારા સંવેદનશીલ વિસ્તારો પર મુસાફરીના માર્ગોની તાત્કાલિક મરામત કામ શરુ કરવામાં આવેલ હોવાથી અને જાળવણીને કારણે બંને માર્ગો પર યાત્રાળુઓની અવરજવરમાં ઘટાડો જોવા મળ્યો છે.

# ટ્રાફિકના નિયમ તોડવા બદલ ૧૮ પોલીસને ૯ હજાર દંડ







કાયદાનું પાલન કરાવતી પોલીસ જ તેનો અમલ કરતી નહી હોવાનું ધ્યાને આવતાં ડીજીપી વિકાસ સહાયે તમામ પોલીસ કર્મચારી માટે ટ્રાફિકના નિયમોનું પાલન ફરજિયાત કરતો પરિપત્ર બહાર પાડ્યો હતો. આ પરિપત્રના ભાગરૂપે શનિવારે સાંજે ટ્રાફિક પોલીસે શાહીબાગ પોલીસ હેડક્વાર્ટર્સ બહાર ડ્રાઈવ કરી ખાનગી તેમજ સરકારી વાહનમાં નીકળેલા અને હેલમેટ નહી પહેનારા, સીટ બેલ્ટ નહી બાંધનારા, યુનિફોર્મ નહી પહેરનારા કે કાર પર ડાર્ક ફિલ્મ લગાવનારા ૧૮ પોલીસ કર્મચારીને રોકીને તેમની પાસેથી ૯ હજારનો દંડ વસૂલ કર્યો હતો. ૯ પોલીસ સીટ બેલ્ટ વગર જ્યારે ૬ પોલીસ કર્મચારી હેલમેટ વગર પકડાયા હતા. કારમાં ડાર્ક લગાવનારા ૨ પોલીસ કર્મચારીને દંડ ફટકારાયો હતો. જ્યારે વાહન પર પોલીસ લખવા બદલ પણ કેસ કરવામાં આવ્યા હતા. હવે કમિશનર કચેરી તેમજ પોલીસ સ્ટેશનો બહાર ડ્રાઈવ યોજાશે. તમામ પોલીસ સ્ટેશનના અધિકારીઓને તેમના તાબામાં આવતાં પોલીસ કર્મચારીને ટ્રાફિકના નિયમોનું પાલન કરવાની સૂચના આપવા કહેવાયું છે.ટુ-વ્હીલર પર હેલમેટ નહી પહેરનારા, ડ્યુટી પર હોવા છતાં યુનિફોર્મ વગર ફરતા, સીટ બેલ્ટ નહી બાંધનારા પોલીસ કર્મચારી દંડાયા

## નાયબ મુખ્ય પ્રધાન બન્યા ત્યારથી ફડણવીસ અસહિષ્ણુ અને અહંકારી બની ગયા છેઃ શિવસેના

मुंबई,તા.૨૦

અગાઉ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન રહી ચૂકેલા ભાજપના વરિષ્ઠ નેતા દેવેન્દ્ર ફડણવીસ નાયબ મુખ્ય પ્રધાન બન્યા બાદ અસહિષ્ણુ અને અહંકારી બની ગયા છે, એવો આક્ષેપ શિવસેના (યુબીટી)એ કર્યો હતો.

ફડણવીસ અગાઉ સહિષ્ણુ હતા, પરંતુ નાયબ મુખ્ય પ્રધાન બન્યા બાદ તેમની હતાશાના પરિણામે તેઓ અસહિષ્ણુ અને ઘમંડી બની ગયા છે, એવો દાવો પક્ષે તેના મુખપત્ર સામનામાં કર્યો હતો. દરમિયાન મરાઠી દૈનિક સામનાના સંપાદકીયમાં વપરાયેલી ભાષા સામે શાસક ભાજપે વાંધો ઉઠાવ્યો હતો. મરાઠી દૈનિક સામનાના સંપાદક સેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરે છે, જ્યારે કાર્યકારી તંત્રી સંજય રાઉત પક્ષના રાજ્યસભાના સભ્ય છે.

મહારાષ્ટ્રના ભાજપના વડા ચંદ્રશેખર બાવનકુલેએ કહ્યું હતું કે રાજકીય વિરોધીઓની ટીકા કરતી વખતે વ્યક્તિએ શિષ્ટાચાર જાળવવો જોઈએ. તેમણે સામના સામે ફરિયાદ દાખલ કરવાની ચેતવણી પણ આપી હતી.

ફડણવીસ ૨૦૧૪ અને ૨૦૧૯ની વચ્ચે રાજ્યના મુખ્ય પ્રધાન હતા, જ્યારે ભાજપ અને શિવસેના (અવિભાજિત)એ સત્તા વહેંચી હતી. ૨૦૧૯ની વિધાનસભાની ચૂંટણી પછી બંને પક્ષો મુખ્ય પ્રધાનપદની વહેંચણીને લઈને અલગ થયા હતા. ઠાકરેએ પછીથી મહાવિકાસ આઘાડી (એમવીએ) સરકાર બનાવવા માટે એનસીપી અને કોંગ્રેસ સાથે હાથ મિલાવ્યા હતા.

જોકે તેમના વરિષ્ઠ પક્ષના નેતા એકનાથ શિંદેએ અન્ય ૩૯ વિધાનસભ્ય સાથે બળવો કરતાં ઠાકરેની આગેવાની હેઠળની સરકાર જૂન, ૨૦૨૨માં પતન થઇ હતી. એકનાથ શિંદે બાદમાં મુખ્ય પ્રધાન અને ફડણવીસ નાયબ મુખ્ય પ્રધાન બન્યા હતા. ગયા મહિને એનસીપીમાંથી બળવો કરીને અજિત પવાર અને તેમના પક્ષના અન્ય નેતા શિંદેની આગેવાની હેઠળની સરકારમાં જોડાયા હતા અને પવારને નાયબ મુખ્ય પ્રધાન બનાવવામાં આવ્યા હતા.સામનામાં પ્રગટ થયેલા સંપાદકીયમાં એવું પણ કહેવામાં આવ્યું હતું કે જો ફડણવીસે દગો ન કર્યો હોત તો તેઓ સત્તા પર ફરી પાછા આવ્યા હોત. જોકે દિલ્હીમાં તેમની પાર્ટીના ટોચના નેતાઓએ તેમને બાજુમાં હડસેલી દીધા હતા અને નાયબ મુખ્ય પ્રધાન બનાવ્યા હતા.

## પાકિસ્તાનના પૂર્વ વિદેશ પ્રધાન શાહ મહમૂદ કુરેશીની ધરપકડ

નવીદિલ્હી,તા.૨૦

પાકિસ્તાનના પૂર્વ વિદેશ પ્રધાન શાહ મહમૂદ કુરેશીની પોલીસે તેમના ઘરેથી ધરપકડ કરી હતી. કુરેશી ભ્રષ્ટાચારના આરોપમાં જેલમાં બંધ પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની નજીકના ગણાય છે. પાકિસ્તાન તહરીક-એ-પાકિસ્તાન (પીટીઆઇ) પાર્ટીના ઉપાધ્યક્ષ કુરૈશીની ધરપકડ બાદ ફેડરલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એફઆઈએ) તેમને તેના હેડક્વાર્ટર લઈ આવી હતી. કુરેશીની કયા આરોપો પર ધરપકડ કરવામાં આવી છે તે અંગે સ્થિતિ સ્પષ્ટ નથી, પરંતુ હાલમાં એફઆઈએ ગુમ થયેલા રાજદ્વારી દસ્તાવેજના સંબંધમાં જેલમાં બંધ પીટીઆઈ ચીફ ખાનની પૂછપરછ કરી રહી છે. ખાન લાંબા સમયથી દાવો કરી રહ્યા છે કે તેમની પાસે ''વિદેશી ષડયંત્ર''ના પુરાવા છે જેના કારણે ગયા વર્ષે એપ્રિલમાં તેમની વડાપ્રધાન પદેથી હકાલપટ્ટી કરવામાં આવી હતી.

પીટીઆઈએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' (અગાઉ ટ્વિટર) પર પોસ્ટ શેર કરીને કહ્યું હતું કે, ''પાર્ટી ઉપાધ્યક્ષ શાહ મહેમૂદ કુરેશીની ફરી ગેરકાયદેસર રીતે ધરપકડ કરવામાં આવી છે.'' જ્યારે ગોપનીય રાજદ્વારી દસ્તાવેજોનો મામલો સામે આવ્યો ત્યારે કુરેશી વિદેશ પ્રધાનનું પદ સંભાળી રહ્યા હતા.

## શરદ પવારના ખાસ વ્યક્તિના ઘરે ઈડીના દરોડા, ૧ કરોડની રોકડ સાથે ૩૯ કિલોના દાગીના જપ્ત

મુંબઈ,તા.૨૦

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ એનસીપી વડા શરદ પવારના નજીકના સહયોગી અને તેમની પાર્ટીના પૂર્વ ખજાનચીના ઘરે દરોડા પાડ્યા છે. ઈડીએ ગઈકાલે કહ્યું કે, તેણે મની લોન્ડરિંગ અને બેંક લોન ફ્રોડ કેસ મામલે એનસીપીના પૂર્વ ખજાનચી ઈશ્વરલાલ જૈન, તેમના પરિવાર અને તેમની સાથે જોડાયેલી કંપનીઓના પરિસરમાં તપાસ હાથ ધરી છે. સર્ચ દરમિયાન ૧.૧ કરોડ રૂપિયા રોકડા અને લગભગ ૨૫ કરોડ રૂપિયાની કિંમતના ૩૯ કિલો સોના-હીરાના દાગીના જપ્ત કરવામાં આવ્યા છે.

ઈડીના સૂત્રોએ જણાવ્યું કે, મહારાષ્ટ્રના જલગાંવ, નાસિક અને થાણેમાં જૈનોના ૧૩ સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા.



'મેરી માટી, મેરા દેશ' રાષ્ટ્રીય અભિયાન અંતર્ગત પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, સેક્ટર.૨૮, ગાંધીનગરના 'પીસ પાર્ક' માં પ્રભારી આદરણીય કૈલાશ દીદીજી સહિત સેવાકેન્દ્રની તમામ બ્રહ્માકુમારી બહેનો તથા કલાસના સર્વ ભાઈ બહેનોએ હાથમાં પ્રજવલિત દિપક તથા માટી રાખી વિશેષ શપથ લીધાં હતાં. દેશની માટીને આદરપૂર્વક નમન કરી, દેશની આઝાદી માટે બલિદાન આપનાર શહિદોને નત મસ્તક સલામી આપેલ.આ સુવર્ણ પ્રસંગે 'મેરે દેશ કી ધરતી સોના ઉગલે ઉગલે હિરે મોતી,' યુક્તિ મુજબ દેશની માટીને દેવતાઈ મનુષ્યો પેદા કરી ભારત દેશને પુનઃ સ્વર્ગ બનાવવાના પરમપિતા પરમાત્મા શિવબાબાના ભગિરથ કાર્ય માટે આહવાન કરેલ. અંતે સૌએ શપથ ગ્રહણ કર્યા બાદ વિશેષ કળશ માં માટી ભેગી રેલ.

તંત્રી લેખ......

# ફરી ગુજરાતને મેઘરાજા ઘમરોળશે

છેલ્લા કેટલાક સમયથી અમદાવાદ સહિત રાજયના મોટાભાગના વિસ્તારમાં ઓગસ્ટ મહિનામાં વરસાદે સાવ વિરામ લઈ લીધો હોય તેવી સ્થિતિ બની ચૂકી હતી. પરંતુ શનિવારથી એટલે કે આજથી રાજયના વાતાવરણમાં પલટો આવશે અને જુદા જુદા વિસ્તારોમાં વરસાદી માહોલ સર્જાય તેવા હવામાન ખાતા દ્વારા સંકેતો આપવામાં આવ્યાં છે. આગામી ૭ દિવસ રાજયમાં વરસાદી માહોલ રહેશે. આવતીકાલે સમગ્ર ગુજરાતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. લો પ્રેશર સિસ્ટમ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાતા વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે શનિવારે અમદાવાદ, ખેડા,અરવલ્લી, પંચમહાલ, આણંદ અને મહીસાગરમાં આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રનાં અમરેલી, ભાવનગર, ગીરસોમનાથ, દિવમાં પણ વરસાદની આગાહી કરાઈ છે. દક્ષિણ ગુજરાતના સુરત, વલસાડ, નવસારી, તાપી, ડાંગ, ભરૂચમાં આગાહી કરાઈ છે. આવતીકાલે રવિવારે રાજ્યમાં વરસાદનું જોર વધશે. આવતીકાલે ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરાઈ છે. સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી, પાટણ, મહેસાણા, અમદાવાદમાં ભારે વરસાદની આગાહી કરાઈ છે. સુરત, વલસાડ, નવસારી, તાપી, ડાંગ, છોટા ઉદપુર, ભરૂચમાં ભારે વરસાદની આગાહી કરાઈ છે. સૌરાષ્ટ્ર સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, ભાવનગર, મોરબી, બોટાદમાં ભારે વરસાદની આગાહી છે. ઘણા સમયથી કોઈ વરસાદી સિસ્ટમ સક્રિય ન હોવાથી રાજ્યમાં ક્યાંય પણ નોંધપાત્ર વરસાદ નથી નોંધાયો પરતું હવે બંગાળની ખાડીમાં સિસ્ટમ સર્જાતા ફરી ગુજરાતને મેઘરાજા ઘમરોળે તેવી શક્યતાઓ જોવા મળી રહી છે. આ સિવાય હવામાન વિભાગની આગાહી અનુસાર આજે રાજ્યના કેટલાક વિસ્તારોમાં મધ્યમ વરસાદની શક્યતાઓ જોવા મળી રહી છે. આજે અમદાવાદ, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર, સુરેન્દ્રનગર, ભાવનગર, બોટાદમાં હળવાથી મધ્ય વરસાદનું અનુમાન છે. આ સિવાય આજે રાજ્યમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ પ્રકારનો વરસાદ પડશે. આ સાથે રાજ્યમાં પ્રતિ કલાકે ૩૦થી ૪૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાવાની પણ આગાહી કરવામાં આવી છે. રવિવારે વલસાડ, નવસારી, ડાંગ, નર્મદામાં ભારે વરસાદની શક્યતા હવામાન વિભાગે જણાવી છે.

# ભારતીય અક્ષય ઊર્જા દિવસઃ સોલાર ક્રાંતિની નવી ગાથા લખી રહ્યું છે ગુજરાત



**વર્ષ ૨૦૨૨-૨૩માં રાજ્ય સરકારે સોલાર રૂફટોપના લાભાર્થીઓ પાસેથી વીજળી ખરીદીને ? ૧૦૭ કરોડ ચૂકવ્યા**

★-★-★-★

**વર્ષ ૨૦૨૪-૨૫માં ૯૪૦ મેગાવોટની ક્ષમતા સાથે ૨ લાખથી વધુ રૂફટોપ સ્થાપિત કરવાનું આયોજન**

★-★-★-★

**ગ્રામ્ય વિસ્તારોમાં પણ લાભાર્થીઓની સંખ્યા વધી રહી છે, સરકાર દરેક ગામડે એક સોલાર સ્થાપિત કરવા માટે પ્રયત્નશીલ**

★-★-★-★

**સિંગલ વિન્ડો સિસ્ટમ, સરળ નિયમો અને આકર્ષક સબસીડીના લીધે ગુજરાત ગ્રીન એનર્જી ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે**

ગાંધીનગર

પરંપરાગત ઈંધણ પરથી ભારણ હટાવીને, વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતની ૫૦ ટકા વીજળી આપૂર્તિ વિવિધ પુનઃપ્રાપ્ય ઉર્જા સ્ત્રોત દ્વારા થાય, તે હેતુથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વિવિધ પહેલ હાથ ધરવામાં આવી છે. વર્ષ ૨૦૧૫માં ૐ૨૧-પેરિસ ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિએ સંયુક્ત રીતે ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ૈજીછ) લૉન્ચ કર્યું હતું. ૧૨૧ દેશોમાં સૌર ઉર્જાને પ્રોત્સાહન આપવા માટે આ આંતરરાષ્ટ્રીય સહયોગ કરવામાં આવ્યો છે. ભારતમાં ઉજાલા યોજના, નેશનલ સોલાર મિશન, સ્વચ્છ ભારત અભિયાન તેમજ ગ્રીન ગ્રોથને લગતા વિવિધ નિર્ણયો પર્યાવરણને અનુકૂળ વિકાસ તરફ ભારતની પ્રતિબદ્ધતા પ્રદર્શિત કરે છે. ભારતના આ સંયુક્ત ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવામાં, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત એક અગ્રેસર ભૂમિકા નિભાવી રહ્યું છે. સિંગલ વિન્ડો સિસ્ટમ, આકર્ષક સબસીડી અને સરળ વહીવટના લીધે, રૂફટોપ સોલારની સંખ્યામાં ગુજરાત દેશમાં ટોચ પર છે અને વર્ષ ૨૦૨૨-૨૩માં રાજ્ય સરકારે સોલાર રૂફટોપના લાભાર્થીઓ પાસેથી વીજળી ખરીદીને ? ૧૦૭ કરોડ નાગરિકોને ચૂકવ્યા છે. વર્ષ ૨૦૧૯થી નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના ગાળામાં અત્યાર સુધી સરકારે ? ૨૦૭ કરોડની વીજળી ખરીદી છે.

ઉલ્લેખનીય છે કે, ભારતમાં અક્ષય ઊર્જા (પુનઃપ્રાપ્ય ઊર્જા) ના વિકાસ અને તેને અપનાવવા અંગે જાગૃતિ લાવવાના ઉદ્દેશથી દર વર્ષે ૨૦ ઓગસ્ટનો દિવસ 'ભારતીય અક્ષય ઊર્જા દિવસ' તરીકે ઊજવવામાં આવે છે. બાયોગેસ, સૌર ઊર્જા, પવન ઊર્જા, હાઈડ્રોઈલેક્ટ્રિકલ પાવર વગેરે જેવી ઊર્જા અક્ષય ઊર્જાના કેટલાક ઉદાહરણો છે.

'નેટ મીટરીંગ' પ્રણાલી ગ્રાહકો માટે ફાયદાકારક

'નેટ મીટરીંગ'ના લીધે લોકો તેમના ઘરો પર સોલાર રૂફટોપ લગાવવા માટે ઉત્સુક બન્યાં છે. 'નેટ મીટરીંગ' એવી બીલ પ્રણાલી છે, જેમાં સોલાર રૂફટોપના લાભાર્થીઓ તેમની વધારાની ઉર્જાને ગ્રીડમાં પાછી આપી શકે છે. એટલે કે ગ્રાહકને વાપરેલાં યુનિટ પર અંદાજે રૂ. ૫ થી ૬ પ્રતિ યુનિટ નો ફાયદો થાય છે જ્યારે વધારાના યુનિટને પણ ગુજરાત સરકાર ? ૨.૨૫ પ્રતિ યુનિટના ભાવે ખરીદી કરી ગ્રાહકને આવક કરવાની સુવિધા આપી છે. વર્ષ ૨૦૨૨-૨૩માં સરકારે આ રીતે ? ૧૦૭ કરોડનું ચૂકવણું નાગરિકોને કર્યું છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં ૪૩૭૫૨૮ ઘરો પર સોલાર રૂફટોપ છે જેની કુલ ક્ષમતા ૧૭૨૪.૬૮ મેગાવોટની છે. ૧ કિલોવોટથી ૧ મેગાવોટની ક્ષમતાવાળી રૂફટોપ સોલાર સિસ્ટમને 'નેટ મીટરીંગ'નો ફાયદો મળે છે.

૨૪ ટકા ગ્રામ્ય વિસ્તારમાં સોલાર રૂફટોપ

રાજ્યના ગામડાઓમાં ઓછામાં ઓછા એક ઘરમાં સોલાર રૂફટોપ હોય, તેના માટે સરકાર અત્યારે એક્શન મોડમાં છે. ગામડાના નાગરિકોને તેના લીધે ઘર પર સોલાર લગાવવાની પ્રેરણા મળશે. અત્યારે રાજ્યમાં ૨૪ ટકા સોલાર રૂફટોપ ગામડાઓમાં છે.

સોલાર રૂફટોપના સશક્ત અમલીકરણના લીધે હવે આદિજાતિ વિસ્તારના ગામડાઓ સુધી પણ આ યોજનાનો લાભ પહોંચી રહ્યો છે. ડાંગ જિલ્લાના વાંસદા તાલુકાના નાનીભામતી ગામમાં રહેતા અને બુહારી ખાતે કૉલેજમાં સંસ્કૃતના પ્રોફેસર હીતેન્દ્રભાઈ પ્રમોદચંદ્ર ગાન્વિત જણાવે છે, "અમારા સ્ટાફમાં એક ભાઈએ સોલાર રૂફટોપ લગાવ્યું તો મે તેના વિશે જાણ્યું. મને તે અનુકૂળ લાગતા હવે મારા ઘરે પણ છ મહિના પહેલા રૂફપોટ લગાવ્યું છે. તેના લીધે મારું અગાઉ જે બીલ ? ૨૨૦૦થી ૨૫૦૦ જેટલું આવતું હતું, તે ઝીરો થઈ ગયું છે. આ યોજના સારી છે અને હવે અમારી સોસાયટીમાં રહેતા બીજા ત્રણ લોકોએ પણ સોલાર રૂફટોપ લગાવવાનું નક્કી કર્યું છે."સરકારની નીતિઓ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડિજીટલાઈઝેશનથી ગુજરાત દેશમાં અગ્રેસર

ગુજરાતે રૂફટોપ સોલાર ઈન્સ્ટોલેશનને પ્રોત્સાહન આપવા માટે ઘણી પ્રગતિશીલ નીતિઓ અને પ્રોત્સાહનો અમલમાં મૂક્યા છે. આ નીતિઓમાં અનુકૂળ નેટ મીટરિંગ નિયમો, સબસિડી, ટેક્સ અંગેના ફાયદા અને સોલાર પ્રોજેક્ટ્સ માટે ઓછા વ્યાજની લોનનો સમાવેશ થાય છે. રાજ્ય સરકારે નાગરિકોના અમૂલ્ય સમય અને ઉર્જાને બચાવવા માટે , એક ખાસ વેબ પોર્ટલ તૈયાર કર્યું છે, જે રૂફટોપ સોલાર મેળવવા માંગતા નાગરિકો માટે એક સિંગલ વિન્ડો તરીકે કામ કરે છે. આ સિસ્ટમ હેઠળ, અરજદારો તેમની રૂફટોપ સોલાર ઈન્સ્ટોલેશનની અરજીઓને નિયુક્ત પોર્ટલ અથવા ઓફિસ દ્વારા સબમિટ કરી શકે છે. ત્યારબાદ તેના પર અધિકારીઓ દ્વારા કામગીરી કરવામાં આવે છે. જરૂરિયાત અનુસાર તેનું નિરીક્ષણ પણ કરવામાં આવે છે અને ત્યારબાદ મંજૂરી આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૪-૨૫માં ૯૪૦ મેગાવોટની ક્ષમતા સાથે ૨ લાખથી વધુ રૂફટોપ સ્થાપિત કરવાનું સરકારનું આયોજન છે.

ગુજરાતમાં પુનઃપ્રાપ્ય ઊર્જા : ૨૦૨૨-૨૩માં ૨૧૮૩૯ સેં ઉત્પાદન

પુનઃપ્રાપ્ય ઉર્જા ક્ષેત્રે, ખાસ કરીને સૌર અને પવન ઉર્જા ક્ષેત્રે ગુજરાત એક અગ્રેસર રાજ્ય તરીકે ઉભરી આવ્યું છે. સોલાર પાર્કનું નિર્માણ અને રૂફટોપ સોલાર ઈન્સ્ટોલેશનને ઘરો સુધી પહોંચાડીને, રાજ્યની મબલખ સૌર ક્ષમતાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ચારણકા સોલાર પાર્ક જેવા પ્રોજેક્ટની સફળતાએ ગુજરાતને ભારતમાં સૌર ઉર્જા ઉત્પાદનમાં મોખરે પહોંચાડ્યું છે. વધુમાં, દરિયાકાંઠે આવેલા વિન્ડ ફાર્મ્સે રાજ્યની પુનઃપ્રાપ્ય ઉર્જા ક્ષમતામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. વર્ષ ૨૦૨૨-૨૩ના છેલ્લા આંકડા અનુસાર ગુજરાતમાં કુલ ૨૧૮૩૯ મિલિયન યુનિટ ઉત્પાદન થયું છે. જેમાં ૮૦૭૭ સેં સોલાર, ૧૨૨૫૯ સેં પવન, ૧૩૭૮ સેં હાઈડ્રો, ૧૦૨ સ્મોલ હાઈડ્રો અને ૨૩ MU બાયોમાસ અને બગાસ છે.

## ૨૦ ઓગસ્ટ - ભારતીય અક્ષય ઊર્જા દિવસ

# ગુજરાતમાં આધ્યાત્મિક ઊર્જાના કેન્દ્ર- યાત્રાધામો બની રહ્યા છે અક્ષય-ઊર્જાના કેન્દ્રબિંદુ







ગાંધીનગર

ગુજરાતી પ્રજાના આધ્યાત્મિક ઊર્જાના કેન્દ્રબિંદુ એવા યાત્રાધામો સૌર-ઊર્જા ક્રાંતિમાં પણ પોતાનું યોગદાન આપી રહ્યા છે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તરફથી પ્રાપ્ત માહિતી અનુસાર રાજયમાં છેલ્લા પાંચ વર્ષમાં યાત્રાધામોમાં સોલાર રૂફટોપ સિસ્ટમ દ્વારા અંદાજે ૧૫,૮૯૧ કિલોવોટ સૌર-ઊર્જાનું ઉત્પાદન થયું છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં વર્ષ ૨૦૧૭-૧૮માં મહત્વના યાત્રાધામોમાં સોલાર રૂફટોપ સિસ્ટમ ઈન્સ્ટોલ કરવાનો શુભારંભ થયો હતો. જે અંતર્ગત છેલ્લા ૪ વર્ષમાં ૩૪૯ ધાર્મિક સ્થળો પર ૧૬.૨૨ કરોડના ખર્ચે સોલાર સિસ્ટમ કાર્યરત કરવામાં આવી. જેના પરિણામે યાત્રાધામોમાં અંદાજે રૂ. ૨૧ કરોડ ૬૦ લાખ અને ૭ હજારની વીજબચત થઈ છે. મહત્વની બાબત એ છે કે આ સોલાર-ઊર્જાના પગલે યાત્રાધામોમાં પારંપારિક ઉત્સવોમાં વપરાતી વીજળી નિશુલ્ક પ્રાપ્ત થઈ રહી છે. આ અંગે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ શ્રી આર.આર.રાવલ કહે છે : "સોલાર રૂફટોપ સિસ્ટમના કારણે ૩૪૯ યાત્રાધામોને સૂર્ય-ઉર્જા મળે છે. તેનો ખર્ચ ઝીરો થઈ ગયો છે. વળી, વીજળીના વપરાશ બાદ બચેલી વીજળી સરકારને વેચી આવક પણ પ્રાપ્ત થાય છે. " યોજનાના અમલીકરણ અંગેની વિગતો આપતા શ્રી રાવલ કહે છે કે, યાત્રાધામ સોલાર રૂફટોપ યોજનામાં સરકાર હસ્તકના યાત્રાધામોનો તમામ ખર્ચ રાજ્ય સરકાર વહન કરે છે, જ્યારે ખાનગી ટ્રસ્ટ સંચાલિત યાત્રાધામોમાં ૭૦ ટકા ખર્ચ સરકાર અને ૩૦ ટકા ખર્ચ ખાનગી ટ્રસ્ટ કરે છે.

છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યના યાત્રાધામોમાં ૧૫,૦૦૦ કિલોવોટથી વધુ સૌરઊર્જાનું ઉત્પાદન

- ☐ રાજ્યમાં ૩૪૯ ધાર્મિક સ્થળો પર ૧૬.૨૨ કરોડના ખર્ચે સોલાર સિસ્ટમ
- ☐ યાત્રાધામોમાં અંદાજે રૂ. ૨૧.૬૧ કરોડની વીજ-બચત
- ☐ યાત્રાધામોમાં સૌર-ઊર્જા સંચાલિત હાઈડ્રોલિક લિફ્ટ, વોટર ATM તથા R O પ્લાન્ટથી યાત્રાળુઓની સુવિધામાં વધારો

### યાત્રાધામ - ઉર્જા-બચત સાથે યાત્રી - સુવિધામાં વૃદ્ધિ

રાજ્યના ૧૩ યાત્રાધામો ખાતે વીજ-બચત માટે રૂ. ૨૧૧.૪૭ લાખના ખર્ચે કામગીરી હાથ ધરવામાં આવી છે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડે રાજ્યનાં વિવિધ યાત્રાધામો ખાતે વીજળીકરણની કામગીરી અંતર્ગત સોલાર રૂફટૉપ સિસ્ટમની સુવિધા, વીજ બચત કરતાં ઉપકરણો મૂકવાની કામગીરી, પીવાનાં પાણીની સુવિધા તથા દિવ્યાંગ અને વરિષ્ઠ નાગરિકોની સુવિધા માટે હાઈડ્રોલિક લિફ્ટની સુવિધા પણ વિકસાવી છે. આ સંદર્ભે રાજ્યનાં કુલ ૫૬ યાત્રાધામો ખાતે રૂ. ૨૦૯.૧૧ લાખના ખર્ચે વીજળીકરણની કામગીરી કરવામાં આવી છે. વિવિધ યાત્રાધામોમાં સુવિધાઓના વિકાસ સંદર્ભે વાત કરીએ તો અંબાજી સ્થિત શ્રી આરાસુરી અંબાજી મંદિર, ડાકોર સ્થિત શ્રી રણછોડરાયજી મંદિર, કચ્છ સ્થિત કોટેશ્વર મહાદેવ મંદિર, વાંસદા સ્થિત ઉનાઈ માતાજી મંદિર સહિતના યાત્રાધામોમાં રૂ. ૭૯.૪૭ લાખના ખર્ચે ૫ હાઈડ્રોલિક લિફ્ટનું નિર્માણ કરાયું છે.

યાત્રાધામ

વિકાસ કાર્ય

(૧) દ્વારકા : - વીજ-બચત માટે રૂ. ૯.૫૬ લાખના ખર્ચે ઉપકરણ
- રૂ. ૧૪.૪૫ લાખના ખર્ચે ૩૧ કિલોવોટની ક્ષમતાની સોલાર રૂફટોપ

(૨) ડાકોર : - રણછોડરાયજી મંદિર ખાતે રૂ. ૮.૫૬ લાખના ખર્ચે ૨૫ કિ.વોટની રૂફટોપ સિસ્ટમ ? રૂ. ૧૨.૭૪ લાખના ખર્ચે હાઈડ્રોલિક લિફ્ટની સુવિધા

(૩) ગીરનાર : ગીરનાર પર રૂ. ૬૮.૦૧ લાખના ખર્ચે ૨૫ કિ.વો.ની ઓફગ્રીડ રૂફટોપ સિસ્ટમ

(૪) પાલીતાણા : રૂ. ૧૬.૯૪ લાખના ખર્ચે ૪૦ કિલોવોટની સોલાર રૂફટોપ સિસ્ટમ

(૫) શામળાજી : મંદિર ખાતે રૂ. ૮.૮૬ લાખના ખર્ચે ૨૫ કિલોવોટની સોલાર રૂફટોપ સિસ્ટમ રૂ. ૮.૦૪ લાખના ખર્ચે સોલાર સંચાલિત પીવાના પાણીની સુવિધા

(૬) મોઢેરા : શ્રી મોઢેશ્વરી મંદિર ખાતે રૂ. ૬૫ લાખની ૧૪૫ કિલોવોટની સોલાર રૂફટોપ

(૭) અંબાજી : વરિષ્ઠ નાગરિકો, દિવ્યાંગો માટે પ્રવેશદ્વાર ૯ પર રૂ. ૧૬ લાખના ખર્ચે હાઈડ્રોલિક લિફ્ટ
-રૂ. ૧૦.૪૭ લાખના ખર્ચે પીવાના પાણીની વ્યવસ્થા,
-વીજબચત માટે રૂ. ૯.૫૬ લાખના ખર્ચે હાઈમાસ્ટની સુવિધા
- અંબાજી પરિસરમાં રૂ. ૪૪.૨૩ના ખર્ચે ૯૮ કિલોવોટની સોલાર રૂફટોપ સિસ્ટમ
- અંબાજી ગબ્બર પરિક્રમાપથ પર સ્ટ્રીટલાઈટ ફિટિંગ - રૂ. ૧૮.૬૩ લાખના ખર્ચે

(૮) સોમનાથ - ૨૦૦ કિલોવોટની સોલાર રૂફટોપ સિસ્ટમ રૂ. ૮૪.૮૬ લાખના ખર્ચે
- મંદિર ખાતે રૂ. ૧૯.૧૨ લાખના ખર્ચે વીજ-બચત ઉપકરણ અંતર્ગત હાઈમાસ્ટની કામગીરી
- મંદિર ખાતે રૂ. ૮.૪ લાખના ખર્ચે પીવાના પાણીની વ્યવસ્થા

ગુજરાતના મુખ્ય યાત્રાધામમાં સૌર-ઊર્જા ક્ષમતા

સોમનાથ
- ૨૦૦ કિલોવોટ

અંબાજી
-૯૮ કિલોવોટ

દ્વારકા
- ૩૧ કિલોવોટ

બહુચરાજી
- ૧૦૦ કિલોવોટ

ડાકોર
- ૨૫ કિલોવોટ

ઉંઝા (ઉમિયામાતા મંદિર)
- ૩૦ કિલોવોટ

વડતાલ (સ્વામિનારાયણ મંદિર) - ૬૦ કિલોવોટ



ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No/0044**
વિષયઃ- પહેરવેશ
પ્રકારઃ- ગદ્ય ( માઈક્રો ફિક્શન)
શીર્ષકઃ- ચીખ
શબ્દઃ- ૫૧

મોનાએ કેટલાં જતનથી શરીરને સાચવેલું. કુદરતે છુટ્ટા હાથે આપેલ સૌંદર્યની કેટકેટલી કાળજી રાખતી.સુંદર શરીરને રોજ જાતભાતનાં પહેરવેશથી શણગારતી. પહેરવેશથી શરીરનું સૌંદર્ય દીપે કે શરીર સૌંદર્યથી પહેરવેશ દીપે તે કહેવું મુશ્કેલ!

એક દિવસ મોનાની ચીખ, કોઈને ન સંભળાય, વાતાવરણમાં ઓગળી ગઈ. સુંદર પહેરવેશ રક્તથી રંગાઈ ગયો.

શ્ર વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 0059**
વિષય : શબ્દ - "પહેરવેશ"
પ્રકાર :ગદ્ય લેખ..
શીર્ષકઃ સબકો સન્મતિ
દે ભગવાન !
શબ્દોઃ ૩૩૫.
લેખક જયકાન્ત ઘેલાણી ★પ્યારે★

એક ગામમા, દરજીની દૂકાને, તેના નામ અને એડ્રેસ સાથે બોર્ડમાં, નીચે,સરસ ને ઘણીજ સમજદારી ભર્યુ પ્યારે',સ્લોગન લખેલ હતુ,

***God makes Men , but***
***We makes, Gentlemen***

ઉપરના ફક્ત સાત શબ્દો જ, દૂનિયાની પ્રજાને જીવનમા , ★પહેરવેશ નું★ શુ મહત્વછે તે સમજાવવા, અતી મહત્વના છે.

આપણી ગુજરાતી કહેવત પહેરવેશ નુ મહત્વ જણાવતા લખેછે , એક નૂરઆદમી,હજાર નૂરકપડા !

પહેરવેશ માનવ શરીર નુ આકર્ષક રક્ષણ આપતુ આભૂષણ છે, પરંતુ જો તેનો,સામાજીક સીમાને નઝરમા રાખી,વ્યવહારુ ઉપયોગ કરીએતો, નહિતો,પછી બિભત્સતાને ઉતેજન આપવાનુ સ્વચ્છંદતાનુ રમકડું !

આપણી, લજ્જા સાચવતા ભાતિકળ પહેરવેશ ની જગ્યાએ પાશ્ચાત્ય પહેરવેશે તો અનેક દેશોની સંસ્કૃતિ ને અક્ષમ્ય નૂકસાન કર્યુછે, અને તેમા પણ ફિલ્મોમાં નટ -નટીઓ ,પહેરતા અર્ધનગ્ન ઉછાછળા પહેરવેશે તો આપણી ભવ્ય સંસ્કૃતિ ને પાયમાલ કરીછે.

પહેરવેશ મોંઘા અને બદન ને અર્ધનગ્ન બતાવતા હોય તે કરતાં, મોહક,ઓછા ખર્ચાળ ને બદન ની
ઈજ્જત સંભાળતા હોય તેજ ઉતમ પહેરવેશ ગણાય.

આછકલા અને અધૂરા
પહેરવેશ થી ટેલેન્ટ ન આવે,

પ્યારે' ટેલેન્ટ તો દેખાય ,
સાદાઈ અને સંસ્કાર માં.

આપણાં વડાપ્રધાન શ્રીનરેન્દ્રભાઈ મોદી પણ વિવિધતા ભર્યા સુઘડ પહેરવેશથીજ પોતાની ત્થા આપણાદેશ ની ઈજ્જત વધારી રહેલછે, જે એક આવકારદાયક કદમ જ ગણી શકાય !

પહેરવેશ માટે આજના મોર્ડન ગણાતા મમ્મી- પપ્પાઓ, જો સમજદારી પૂર્વક પોતાના બાળકો ના પહેરવેશ ઉપર નઝર રાખતા રહેશેતો, આજની બિભત્સ પહેરવેશની પ્રણાલિકા મા જરૂરથી
ઘણો મોટો સૂધારો લાવી શકાશે, જે સૂધારો આજે વિશેષ જરૂરી.

ભારતિય સંસ્કૃતિને સંભાળવી તે પ્રત્યેક નાગરિક ની પ્રાથમિક ફરજ બનેછે.

પોતાને સમજદાર ગણતા, પ્યારે' પહેલા નીજ સમજદારી અપનાવે.

સબકો સન્મતિ દે ભગવાન !

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.SS No. : 130**
વિષય - પહેરવેશ
શીર્ષક - તમારો પહેરવેશ તમારી ઓળખ
શબ્દો - ૨૫૪
લેખક - જાનકી સોની

પહેરવેશ એ શબ્દ પરથી જ આપણા મગજમાં અલગ અલગ પ્રાંત, રાજ્ય અને દેશનાં પહેરવેશ યાદ આવી જાય પરંતુ પહેરવેશ પરથી આપણે દરેક વ્યક્તિનાં વ્યક્તિત્વની પણ જાણે-અજાણે ઓળખ કરી લઈએ છીએ.

આજે પણ રસ્તામાં જતી વખતે જો ક્યાંક આપણે રસ્તો ભૂલી ગયા તો રસ્તો પૂછવા માટે આપણે જ્યારે પણ આજુબાજુની વ્યક્તિઓ પર નજર દોડાવીએ ત્યારે એકદમ વ્યવસ્થિત કપડાં પહેરેલી વ્યક્તિને પૂછવા માટે આપણે પ્રથમ પસંદગી તેમની કરીએ છીએ એનું શું કારણ? કારણકે આપણા મગજમાં પહેલેથી એવી છાપ છે કે જે વ્યક્તિનો પહેરવેશ સુંદર અને વ્યવસ્થિત હોય એ વ્યક્તિ હોંશિયાર જ હોય અને તે વ્યક્તિને બધ આવડતું જ હોય. શું ખરેખર આવું શક્ય છે? આજે પણ કોઈ પણ વ્યક્તિને જોઈને સૌ પ્રથમ તેના પહેરવેશ પરથી તેના વ્યક્તિત્વની ઓળખ બનાવવામાં આવે છે. જો કોઈ વ્યક્તિનો પહેરવેશ સારો નાં હોય તો તે વ્યક્તિ માટે ઘણા બધાં અલગ અલગ અનુમાનો કરવામાં આવે છે.

આજે પણ જ્યારે કોઈ પણ વ્યક્તિ ઈન્ટરવ્યૂ આપવા જાય છે ત્યારે ઈન્ટરવ્યૂમાં પણ પહેરવેશને ખાસ મહત્વ આપવામાં આવે છે. ઘણી વખત ઓફિસમાં જે વ્યક્તિ અલગ અલગ કે નવા નવા કપડા નાં પહેરતી હોય તો તેવા વ્યક્તિઓ માટે પણ એક અલગ અનુમાન લગાવવામાં આવે છે.

પહેરવેશને ઉંમર સાથે પણ જોડી દેવામાં આવે છે એટલે કે અમુક ઉંમર પછી અમુક પ્રકારના જ કપડાં પહેરી શકાય અને અમુક પ્રકારના કપડાં ઉંમર પ્રમાણે ના શોભે. સ્ત્રીઓ માટે પણ એક અલગ વિચારધારા રાખવામાં આવે છે કે સ્ત્રીઓ લગ્ન પહેલા અને લગ્ન પછી અમુક પ્રકારનાં જ કપડાં પહેરી શકે.

વ્યક્તિએ કેવાં કપડાં પહેરવા એ જે તે વ્યક્તિની પોતાની પસંદગી છે અને કોઈ પણ વ્યક્તિના પહેરવેશ પરથી તેના વ્યક્તિત્વની ઓળખ ના કરી શકાય.

# અમદાવાદ સિવિલ અને યુ.એન.મહેતા હોસ્પિટલનુ "જોઇન્ટ ઓપરેશન"



જામનગરના ૧૪ વર્ષીય અંકિત ગોંડલીયાને નવેમ્બર-૨૦૨૨ માં પેશાબમાં લોહી નીકળતા તાત્કાલિક સારવાર અર્થે અમદાવાદની કેન્સર હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા.જ્યાં જરૂરી રિપોર્ટ કરાવતા કિડનીનું કેન્સર હોવાનું નિદાન થયું. જેની સારવાર અર્થે કિમો થેરાપી શરૂ કરવામાં આવી.આ કેન્સર ને ઈવીંગ્સ સાર્કોમા કહેવામાં આવે છે. જે ખૂબ જ રેર છે . વિશ્વમાં અંદાજિત ૧૦૦ જેટલા લોકોમાં જ કેસ જોવા મળ્યા હોવાનું સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડન્ટ અને બાળ રોગ સર્જરી વિભાગના વડા ડૉ. રાકેશ જોષીએ જણાવ્યું છે.

આ પ્રકારનું ઈવીંગ્સ સાર્કોમા સામાન્યપણે હાડકામાં થતું કેન્સર છે.ત્ઝ્ઈ માં સાધન સારવાર શરૂ કરીને ૯ જેટલી સાઈકલ કીમો થેરાપીની આપવામાં આવી. પરંતુ આ કેન્સર એટલું ગંભીર હતું કે કિડનીની નસ અને શરીરની ધોળીનસમાં ટ્યુમર થ્રોમ્બોસીસ ખૂબ જ ઝડપથી આ પ્રસરી રહ્યું હતું.જેના કારણે તેની સર્જરી કરવી આવશ્ય બની રહી હતી .કીમો થેરાપીની ૯ સાયકલ આપવા બાદ પણ થ્રોમ્બોસીસ એટલે કે સોજો અને ટ્યુમર ઓછું ના થતા અંતે તેને અમદાવાદ સિવિલ હોસ્પિટલના બાળ રોગ સર્જરી વિભાગમાં સર્જરી માટે ટ્રાન્સફર કરવામાં આવ્યા.બાળ રોગ સર્જરી વિભાગના વડા ડૉ. રાકેશ જોશી અને તેમની ટીમ દ્વારા આ દર્દીની સર્જરી હાથ કરવામાં આવી.અત્યંત ગંભીર અને રેર કહી શકાય તેવી આ સર્જરીમાં વાસક્યુલર સર્જનની પણ ખૂબ જ જરૂર હતી. જે કારણોસર અમદાવાદ સિવિલ મેડીસીટી ના જ યુ.એન. મહેતા ઈન્સ્ટીટયુટના વડા અને સર્જન ડૉ. ચિરાગ દોશીની આ સર્જરીમાં મદદ લેવામાં આવી.આ ટ્યુમરમાં થ્રોમ્બોસીસનો અત્યંત જટિલ ભાગ હતો તે દૂર કરવામાં આવ્યો.સર્જરી બાદ બાળક સ્વસ્થ છે અને તેને ડિસ્ચાર્જ કરાયુ છે. ફરી આગળ બીજી સાત કિંમત થેરાપી લેવાની છે. આશા રાખીએ બાળક કેન્સર મુક્ત થઈ જાય અને સ્વસ્થ જીવન જીવી શકશે તેમ ડૉ.જોશીએ જણાવ્યું હતું.

-અમિતસિંહ ચૌહાણ

# સાર્વજનિક શ્રી ગણેશ મહોત્સવ એસોસિએશન ની બેઠકમાં સનાતન સંસ્થા વતી પ્રબોધન !




ગણેશોત્સવ એ હિન્દુઓનો મોટો તહેવાર છે. શ્રી ગણેશ ચતુર્થીના દિવસે તેમજ ગણેશોત્સવના દિવસોમાં પૃથ્વી પર ગણેશતત્ત્વ સામાન્ય દિવસોની તુલનામાં હજાર ગણું વધારે કાર્યરત હોય છે. જેથી શાસ્ત્રાનુસાર પૂજન કરવાથી તેનો સંપૂર્ણ લાભ લઇ શકીએ. હાલ વર્તમાનમાં ધર્મ શિક્ષણ અને શાસ્ત્ર ના જ્ઞાન ના અભાવે પ્લાસ્ટર ઓફ પેરિસ, કેમિકલ કલર, વિચિત્ર આકાર વાળી શ્રી ગણેશની મૂર્તિનું વેચાણ થઇ રહ્યું છે. આ અનાચાર ને અંકુશમાં લેવા પ્રદુષણ ના થાય તે માટે માટીની તેમજ ગણેશજી ના મૂળ સ્વરૂપમાં કુદરતી રંગો સાથેની મૂર્તિ લાવવી તેવું પ્રબોધન સનાતન સંસ્થાના સાધક શ્રી ચંદ્ર શેખર કદ્રેકરે 'અમદાવાદ સાર્વજનિક શ્રી ગણેશ મહોત્સવ એસોસિએશન' ની બેઠકમાં તમામ ગણેશ મંડળના પ્રમુખશ્રીઓને કર્યું. સાથે એ પણ જણાવ્યું કે ગણેશજી ની મૂર્તિ લાવતી વખતે કેવો ભાવ રાખવો, શાસ્ત્રોક્ત પૂજનવિધિ અને શ્રી ગણેશજી ની મૂર્તિ નું વિસર્જન કેવી રીતે કરવું. અમદાવાદ સાર્વજનિક શ્રી ગણેશ મહોત્સવ એસોસિએશનના અધ્યક્ષ શ્રી ગણેશભઈ ક્ષત્રિય, મંત્રી શ્રી વિજયભઈ મરાઠે, ઉપપ્રમુખ શ્રી બંસીલાલ કોંડેકર તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (ય્ઝ્રમ્) ના અધિકારી શ્રી દશરથભઈ પટેલ, ગુજરાત માટી કામ ટેકનોલોજી સંસ્થાના અધિકારી શ્રી અનિલભઈ પાઠક અને સમગ્ર અમદાવાદ સાર્વજનિક ગણેશ મંડળના પ્રતિનિધિઓએ ભાગ લીધો. અહીં સનાતન સંસ્થા ના ધર્મ, અધ્યાત્મ, આચારધર્મ જેવા વિષયો પરના ગ્રંથની પ્રદર્શની પણ મૂકી હતી. ઉપસ્થિતોએ ઉત્સાહપૂર્વક સહકાર આપ્યો અને સનાતન સંસ્થા નો આભાર વ્યક્ત કર્યો તેમજ ભવિષ્યમાં પણ સહકાર આપવાની ખાતરી આપી.

## !! આભાસ લાગી !!

લો અગનને ય હવે તો ઝાળ લાગી,
ને ઝાંઝવાને ય હવે તો પ્યાસ લાગી!

ખુશીની હોય બે ચાર ને વ્યથાની હજાર,
જીવી લીધી જે પળ મને તો ખાસ લાગી!

શબ્દો થી ઘણીએ કરી વાતો હવે,
સ્વની ખામોશી થી મને તો હાસ લાગી!

મળી એને વિસરી ગયો હું ખુદને,
હસ્તી મારીય હવે મને તો આભાસ લાગી!

હતો વાંક આંખોનો કે પછી એની કમીનો,
રાત પૂનમની પણ મને તો અમાસ લાગી!!!

પ્રતિક શાહ (વડોદરા)

## *ગઝલ*

જિંદગીમાં એ જ તો જીવંત છે!
ડર નથી જેને કે ક્યારે અંત છે!

માત્ર દાનત જોઇ લે! હાલત નહીં!
ને પછી કહે, કોણ અહીં ધનવંત છે!

એમની સામે દલીલો ના કરાય!
રાખવાનું યાદ કે એ સંત છે!

શું કહું બીજું તો હું એના વિશે?
પ્રેમ છે આજે ય ને અત્યંત છે!

ખેલદિલ જે રહી શકે હરહાલમાં-
એ જ સાચા અર્થમાં બળવંત છે!

સુનીલ રાચાણી"અંતર"(વડોદરા)

## બારી રાખી છે

દિલના ઓરડામાં એક મોટી બારી રાખી છે
ત્યાં ખૂણામાં તારી યાદોની અલમારી રાખી છે,

જ્યારે જ્યારે બેસું છું હું એકાંતની પળોમાં
ત્યારે ત્યારે દરેક યાદોને મેં તાજી રાખી છે,

ભલે નથી થયો આપણો સંગમ આ જન્મમાં
તો પણ સારી નરસી વાતોને ધ્યાને રાખી છે,

હશે તો કોઈ દિવસ દેખવા કામ લાગશે
એમ તૂટેલા દિલની કરચ સાચવી રાખી છે,

કોઈ દિવસ સામે આવો તો નજર મિલાવજો
'નિશાન' અમે પણ નજર ઉઠાવીને રાખી છે..

પ્રતિક સોની 'નિશાન'(અમદાવાદ)

## હવે છેતરાઇ નથી જવું!!!!

નફરત નથી કોઈથી,બસ હવે ભરોસે નથી રેહવું,
હોશિયાર નથી હુ,પણ હવે છેતરાઈ નથી જવું!

ગળે લાગીને ગળું કાપતા નથી ફાવતું,
નારાઝ નથી હું,પણ હવે બનાવટી હાસ્ય નથી શીખવું!

સંબંધોમાં જમા-ઉધારનું ગણિત નથી ગણવું,
ચાલાક નથી હું, પણ હવે બેવકૂફ નથી બનવું!

ભાવનાઓના વહેણમાં તણાઈને વહી નથી જવું,
સાવ જડ નથી હું,પણ હવે લાગણીશીલ નથી રેહવું!

આ સ્વાર્થી દુનિયા છે 'તુષાર' લૂંટાઈ નથી જવું,
મક્કમ નથી હું,પણ હવે તૂટીને વિખરાઈ નથી જવું!

-તુષાર પંડયા(ભાવનગર)

## નનામી કોઇ સજાવી ગયું.

ઝંખતો હતો એને અને બીજું કોઈ આવી ગયું,
એના પ્રેમની હતી આશ ને બીજું કોઈ ફાવી ગયું.

ગીતો કોઈ ગાશે એ વિશ્વાસે આંખડી મીંચી દીધી,
ખ્વાબમાં ગમતી ધૂન કોઈ મને સંભળાવી ગયું.

તારા વિના મહેફિલ આખી શુન્યવત લાગતી હતી,
મિત્ર જેવું કોક આવીને મહેફિલે રંગત લાવી ગયું.

ચોતરફથી વેરાન વનમાં હું જઈને ઉભો હતો,
છતાં ક્યાંકથી કોઈ આવીને ખુશ્બુ પ્રસરાવી ગયું.

જખ્મો હતાં ડીલ પર, એને છુપાવ્યા મેં શાનથી,
માંડ બુઝેલી દિલની આગને, કોઈ સળગાવી ગયું.
મોતના ઇન્તેઝારમાં જીવન હવે બસર થાય છે,
કોણ જાણે ક્યાંકથી નનામી કોઈ સજાવી ગયું.

યોગેશભાઈ આર જોષી

# ખારી ધારીયાલથી રણુજા પગપાળા સંઘનું પ્રસ્થાન



ચાણસ્મા તાલુકાના ખારીધારીયાલ ગામથી રણુજા ખાતે આવેલ રામદેવજી મહારાજના દર્શનાર્થે ગામના ૭૦ જેટલા ભાવિ ભક્તો જય બાબા રીના નાદ સાથે વાજતે ગાજતે પગપાળા સંઘનું પ્રસ્થાન કર્યું હતું જેમાં મોટી સંખ્યામા ગામના પાદર સુધી ગ્રામજનો જોડાયા હતા

ગુજરાત રાજ્યના લોકો રાજસ્થાન બોર્ડર પર આવેલ રામદેવરા ખાતે રામાપીરની જે સમાધી આવેલી છે તેના પર અટુટ શ્રદ્ધા ધરાવે છે ત્યારે દર શ્રાવણ માસની અંદર કોઈ ભક્તો રેલ્વે. લકઝરી મારફતે તો કોઈ ભકતો પગપાળા ચાલીને બાબાના દર્શન કરવા માટે જતા હોય છે ત્યારે આજ રોજ પાટણ જિલ્લાના ખારી ધારીયાલ ગામના ૭૦ જેટલા.ભાવિ ભક્તો વહેલી સવારથી જ વાજતે ગાજતે જય બાબારી ના નાદ સાથે બાબાના દર્શનાર્થે પગપાળા નિકળી પડ્યા હતા તેમજ તેની સાથે સાધનસામગ્રી ના વ્યવસ્થાના ભાગરૂપે એક ટ્રેક્ટર જોડાયું હતું તેમજ આ યાત્રા સંઘ ૧૦ દિવસે રણુજા પહોંચસે તેમ ભકતોએ જણાવ્યું હતું તેમજ રણુજા જવા પગપાળા નિકળેલ ૭૦ જેટલા ભકતો માટે ભોજન. ચા. પાણી નાસ્તાના દાતા ભરતભાઈ વિહાભાઈ દેસાઈ તેમજ સંઘના ભક્તો દ્વારા વ્યવસ્થા કરવામાં આવી હતી

# છેલ્લા એક દિવસથી વરસતા ઝરમર વરસાદથી પાકોને નવજીવન મળશે તેવી આશા

છેલ્લા કેટલાય સમયથી મેઘરાજા રીસાયા હોય તેમ કાળા ડીબાંગ વાદળો કરી ખો આપી જતા રહેતા હોઈ જગતના તાતનો જીવ પડીકે બંધાયો હતો ત્યારે છેલ્લી ગતરાત્રીથી ઝરમર ઝરમર વરસાદના છાટણા થતા ધરતીપુત્રોમા નવી આશા બંધાણી હોવાનું જાણવા મળ્યુ છે

સમગ્ર ગુજરાત રાજ્યની સાથે સાથે પાટણ જિલ્લામા તેમજ ચાણસ્મા તાલુકામાં પણ ગત વરસેલા વરસાદને ધ્યાને રાખી ધરતીપુત્રો દ્વારા બીટી કપાસ. એરંડા . બાજરી. કઠોળ તેમજ જુવાર શાકભાજીનું વાવેતર કરવામાં આવ્યુ હતુ ત્યારે મેઘરાજા જાણે રિસાયા હોય તેમ આકાશમા કાળાડિબાંગ વાદળો કરી ખો આપી જતા રહેતા હોવાથી ધરતીપુત્રો ચિંતિત બની ગયા હતા ત્યારે ગત રોજ રાત્રી દરમિયાન થી ઝરમર ઝરમર વરસાદી માહોલ સર્જાતા ખેડૂતોમા ફરીવાર એક નવી આશા બંધાઈ છે

રિપોર્ટર-નિખીલ જોષી પાટણ બ્યુરો

# ૨૧મી સદીના સ્વપ્નદ્રષ્ટા ભારતરત્ન રાજીવ ગાંધીની જન્મજયંતિ નિમિત્તે 'વોક ફોર ઈન્ડિયા' પદયાત્રા યોજાઈ



૨૧મી સદીના સ્વપ્નદ્રષ્ટા ભારતરત્ન રાજીવ ગાંધીની જન્મજયંતિ નિમિત્તે સરદાર બાગ ખાતે રાજીવ ગાંધીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કર્યા બાદ મોટી સંખ્યામાં ઉપસ્થિત કાર્યકરો, ભાઈ-બહેનો સાથે 'વોક ફોર ઈન્ડિયા' પદયાત્રા યોજાઈ હતી. 'વોક ફોર ઈન્ડિયા' પદયાત્રા દરમ્યાન પત્રકારો સાથે સંવાદ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, આધુનિક ભારતના સ્વપ્ન દ્રષ્ટા અને સંચાર ક્રાંતિના પાયાથી સમગ્ર વિશ્વ સાથે ભારતના જન જનને જોડવાનો શ્રેય જેના શીરે જાય છે એવા રાજીવજી એ આધુનિક ભારતના વિચારનો પાયો હિન્દુસ્તાનમાં નાખ્યો અને તે સંચાર ક્રાંતિથી આજ ભારતમાં એક ગામડામાં ગરીબના ઝુપડીએ જન્મતુ બાળક મુઠ્ઠીમાં મોબાઈલથી સમગ્ર વિશ્વની સફર કરવા સફળ બન્યો છે. આદરણીય રાજીવજીએ પણ દેશનો ૫૦ ટકા હિસ્સો મહિલાઓ છે તેને રાજનીતિની અંદર ભાગીદાર બનાવવા માટે અને યુવાનાનો સામેલ કરવા માટે બંધારણમાં સુધારા કર્યા અને દેશને ૨૧મી સદીમાં લઈ ગયા. અનેક દેશના નાગરિકોના દિલમાં તેમણે રાજ કર્યું. ૧૮ વર્ષના યુવાનને મતાધિકારથી ભારતની લોકશાહીને યુવાન બનાવવાનો શ્રેય રાજીવજીને જાય છે. સત્તાના વિકેન્દ્રીકરણથી પંચાયતના પાયા મજબુત કરી ગામડાના માણસના હાથમાં ગામની સત્તા આપવાનું શ્રેય પણ રાજીવજીને જાય છે. ૧૯૮૭માં ૨૧મી સદીના સ્વપ્નદ્રષ્ટા રાજીવ ગાંધીની દુરન્દેશી નીતિઓને ટેકનોલોજી મિશન દ્વારા સાર્વત્રિક રસીકરણ, શુધ્ધ પીવાનું પાણી, તેલબીયા, શિક્ષણ,

## રાજીવ ગાંધીની જન્મજયંતિ નિમિત્તે રાજીવજીના જીવન પરની ડોક્યુમેન્ટ્રી રજુ કરવામાં આવી

ટેલીકોમ્યુનિકેશનના પાયાગત, માળખાકીય સગવડ - સુવિધાઓ ઉભી કરી અને આધુનિક ભારતના નિર્માણ તરફ શ્રેષ્ઠ પગલા ભર્યા. જેના ફળ સ્વરૂપ આજે દેશના યુવાઓના હાથમાં મોબાઈલ અને મોબાઈલમાં ઈન્ટરનેટ છે જેના થકી વિશ્વ સાથે સીધો સંવાદ સ્થાપી શકાયો છે. ભારત એક મજબૂત અને પ્રગતિશીલ રાષ્ટ્ર બન્યું છે. રાજીવ ગાંધી એક મહાન રાજનેતાની સાથે ઉમદા માનવી હતા. ભારતરત્ન, યુવા વડાપ્રધાનશ્રી રાજીવજીની જન્મજયંતી નિમિતે દેશના કરોડો યુવાનો- ભારતીયો તેમને શત શત નમન-વંદન કરે છે.

'વોક ફોર ઈન્ડિયા' પદયાત્રામાં વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડા, ઉપનેતાશ્રી શૈલેષ પરમાર, પૂર્વ પ્રદેશ પ્રમુખશ્રી સિધ્ધાર્થ પટેલ, શ્રી જગદીશ ઠાકોર, એ.આઈ.સી.સી.ના મહામંત્રીશ્રી દિપક બાબરીયા, એ.આઈ.સી.સી.ના પ્રવક્તાશ્રી રોહન ગુપ્તા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી અધ્યક્ષશ્રી હિંમતસિંહ પટેલ, ધારાસભ્યશ્રી ઈમરાન ખેડાવાલા, પૂર્વ ધારાસભ્યશ્રી પુંજાભાઈ વંશ, શ્રી ગ્યાસુદ્દીન શેખ, શ્રી લાખાભાઈ ભરવાડ, શ્રી વજેસિંહ પણદા, શ્રી બાબુભાઈ વાજા, શ્રી ભરત મકવાણા, શ્રી ગુલાબસિંહ રાજપુત, અમદાવાદ શહેર પ્રમુખશ્રી નીરવ બક્ષી અને અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના નેતાશ્રી શેહઝાદખાન પઠાણ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો, પદાધિકારીઓ, 'વોક ફોર ઈન્ડિયા' પદયાત્રામાં જોડાયા હતા.




સ્વસ્થ વિશ્વના નિર્માણ હેતુ ૪૨૦ હેલ્થ વર્કિંગ ગ્રૂપ ડેપ્યુટિઝ અને મિનિસ્ટર્સની મિટિંગ અંતર્ગત વિવિધ દેશોના આરોગ્ય મંત્રીશ્રીઓ તેમજ ડેલીગેટ્સ ગાંધીનગર પધાર્યા છે. જે અંતર્ગત આજરોજ માન. કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયા સાહેબ તેમજ ઈન્ડોનેશિયાના આરોગ્ય મંત્રીશ્રીએ પ્રધાનમંત્રી જન ઔષધી સ્ટોર, સેકટર-૨૪ ખાતે મુલાકાત લીધી હતી. આ વેળાએ માન. મેયરશ્રી હિતેશભાઈ મકવાણા એ તેમનું સ્વાગત અભિવાદન કર્યું હતું. આ અવસરે મેયરશ્રી એ જણાવ્યું હતું કે માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં દેશભરમાં જન ઔષધિ કેન્દ્રના માધ્યમથી નાગરિકોને સસ્તા દરે દવા મળી રહી છે.આ વેળાએ શહેર અધ્યક્ષશ્રી રુચિરભાઈ ભટ્ટ, ડે. મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટે. ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલ, શહેર મહામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ, કાઉન્સિલરશ્રીઓ, હોદેદારશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ અને ઉત્તર ગુજરાતના જાણીતા સામાજીક આગેવાન શ્રી ભેમાભાઈ ચૌધરી, કોંગ્રેસ પક્ષમાં વિધીવત રીતે જોડાયા




આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ અને ઉત્તર ગુજરાતના સામાજીક આગેવાન શ્રી ભેમાભાઈ ચૌધરી અને દાહોદ જીલ્લાના પ્રમુખ, ફતેપુરા વિધાનસભાના ઉમેદવાર રહી ચુકેલા શ્રી ગોવિંદભાઈ પરમાર આજ વિધીવત રીતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલના હસ્તે કોંગ્રેસ પક્ષનું સભ્યપદ ગ્રહણ કરેલ.ગુજરાતીઓની સેવા-સાધના માટેના કોંગ્રેસ પક્ષના સેવા યજ્ઞમાં જોડાવા પ્રદેશ પ્રમુખ તરીકે શ્રી શક્તિસિંહ ગોહિલે કરેલ આહવાનને ખૂબ જ જોરદાર પ્રતિસાદ મળેલ છે. રાજકીય અને બિનરાજકીય અનેક આગેવાનો અને કાર્યકર્તાઓ અવિરત કોંગ્રેસના જોડાઈ રહ્યા છે.

'હાથ સે હાથ જોડો' અભિયાનની જાહેરાત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ભારત જોડો યાત્રા બાદ સમગ્ર દેશના વિવિધ પ્રદેશમાં 'હાથ સે હાથ જોડો' અભિયાન શરૂ કરવામાં આવેલ છે જેના ભાગરૂપે 'હાથ સે હાથ જોડો' અભિયાન માટે કન્વીનર તરીકે પૂર્વ ધારાસભ્યશ્રી ઈન્દ્રનીલ રાજ્યગુરુને જવાબદારી સોંપવામાં આવી છે. 'હાથ સે હાથ જોડો' અભિયાન માટે સમગ્ર રાજ્યમાંથી ૨૦ જેટલા આગેવાનોને સોંપાયેલી જવાબદારીમાં તેઓ વિવિધ જીલ્લાઓમાં અસરકારક કામગીરી કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

કોંગ્રેસ પક્ષમાં વિધીવત રીતે જોડાયા બાદ શ્રી ભેમાભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભાજપનું કુશાસન ગુજરાતના લોકો માટે ત્રાસદાયક બની ગયું છે. યુવાનોને રોજગારી નથી, ખેડૂતો માટે યુરિયા ખાતર નથી, શિક્ષણ ખૂબ મોંઘુ થયું છે, મોંઘવારી આસમાને છે, દરેક જગ્યાએ પુષ્કળ ભ્રષ્ટાચાર છે, માટે ગુજરાતના હિતમાં સત્તા પરિવર્તન જરૂરી છે. કોંગ્રેસ પક્ષ સકારાત્મક એજન્ડા સાથે આજે આગળ વધી રહેલ છે ત્યારે જનહિતમાં અમે કોંગ્રેસ પક્ષમાં જોડાવાનો નિર્ણય કરેલ છે.આજે રાજીવ ગાંધી ભવન ખાતે કોંગ્રેસ પક્ષમાં જોડાનાર નેતાઓ - કાર્યકરોના આવકાર કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી સિધ્ધાર્થ પટેલ, વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષ પરમાર, પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખશ્રી બિમલ શાહ, પૂર્વ ધારાસભ્યશ્રી ઈન્દ્રનીલ રાજ્યગુરૂ, મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશી, કોકન્વીનર અને પ્રવક્તાશ્રી હેમાંગ રાવલ, પ્રવક્તાશ્રી હિરેન બેંકર સહિત ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતના કથળતા શિક્ષણની પોલ ખુલતી અટકાવવા ડ્રોપ આઉટ રેશિયો અટકાવવા રવિવારે પણ કવાયત

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કોકન્વીનર અને પ્રવક્તા શ્રી હેમાંગ રાવલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે ગુજરાત સરકાર દર વર્ષે શાળા પ્રવેશોત્સવના નામે તાયફા યોજી સરકારી તિજોરીમાંથી કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે. શિક્ષણના બજેટ ફાળવણીમાં કરોડો રૂપિયાના મોટા મોટા દાવાઓ કરતી ભાજપ સરકાર ગરીબ-સામાન્ય-મધ્યમ વર્ગના બાળકોને શિક્ષણના અધિકારથી વંચિત રાખી રહી છે. એક તરફ શિક્ષણમાં ક્રાંતિકારી પહેલના નામે મોટી મોટી જાહેરાતો કરતી ભાજપ સરકારનો શિક્ષણ વિભાગ ભ્રષ્ટાચારનું એપી સેન્ટર છે. રાજ્યની ૩૮૦૦૦ સરકારી શાળાઓમાંથી ૫૬૧૨ સરકારી શાળાને ઓછી સંખ્યાના નામે મર્જ / બંધ કરવાનું પાપ કરવા આગળ વધતી ભાજપ સરકારમાં ૩૨ હજાર શિક્ષકોની લાંબા સમયથી જગ્યાઓ ખાલી છે. ૩૮ હજાર વર્ગખંડોની મોટા પાયે ઘટ છે. ૧૬૫૭ શાળા માત્ર એક શિક્ષકથી ચાલી રહી છે. ૧૪,૬૫૨ શાળા એક વર્ગખંડમાં એક કરતાં વધારે ધોરણના વિદ્યાર્થીઓને ભણવા માટે મજબુર થવું પડે છે, શું આ રીતે ભણશે ગુજરાત ? ગુજરાતનું શિક્ષણ બોર્ડ પબ્લિસિટી માટે વારંવાર નવા નવા તઘલખી નિર્ણયો કરતું હોય છે ભૂતકાળમાં શિક્ષકો જોડે તીડ ભગાડવાનો પરિપત્ર,લગ્ન પ્રસંગે દિવસો જમણવારમાં કેટલી ડીશો થઈ છે તેનો પરિપત્ર, શિક્ષકોએ પોતાનો મોબાઇલ આચાર્યશ્રીને જમા કરાવવાનો પરિપત્ર, બાળકોના વજનથી માત્ર ૧૦% વજનનું દફતર હોવું જોઈએ તેવા પરિપત્ર ઘણીવાર વગર વિચારે કરવામાં આવે છે. પરંતુ આ બધું માત્ર પબ્લિસિટી માટે કરવામાં આવી રહ્યું છે કોઈ પણ પ્રકારનું ઈમ્પ્લીમેન્ટેશન થતું નથી, હકીકત તો એ છે કે ગુજરાતના વિદ્યાર્થીઓના ડ્રોપાઉટ રેશિયોનો જો સાચો આંકડો બતાવવામાં આવે તો સમગ્ર ભારતમાં સૌપ્રથમ નંબરે આવે. આજે માત્ર અમદાવાદ જિલ્લામાં ધોરણ ૮ માંથી પાસ થયેલા ૧૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ ડ્રોપ આઉટ થતા શિક્ષણક્ષેત્રે ભાજપ સરકારની મોટા મોટા દાવા કરતી જાહેરાતોની પોલ ખુલ્લી પડી છે.ગુજરાત સરકાર અને શિક્ષણ વિભાગ પોતાના છબરડાઓ છુપાવવા માંગે છે. શાળાઓનો ડ્રોપાઉટ રેશિયો ખૂબ જ વધી ગયો છે અને આ વધેલા ડ્રોપાઉટ રેશિયોના કારણે ભારતીય જનતા પાર્ટીના શાસનની શિક્ષણની નિષ્ફળતાઓ બહાર ના આવે તેના માટે આજે રવિવારે ગુજરાતના શિક્ષણ સચિવ શ્રી વિનોદ રાવના આદેશથી રજાના દિવસે પણ અમદાવાદ જિલ્લાની તમામ શાળાઓના આચાર્યને શિક્ષકોને અને કોમ્પ્યુટર સ્ટાફને બોલાવીને ડ્રોપ આઉટ થયેલા વિદ્યાર્થીઓનો સંપર્ક કરીને તેમને યેનકેન પ્રમાણે ફરીથી ભણતા કરવા માટેના નિષ્ફળ પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. પ્રાપ્ત થતી માહિતી અનુસાર ધોરણ ૮ માંથી ધોરણ ૯ માં ન ગયેલા અને એડમિશન ન લીધેલા માત્ર અમદાવાદ જિલ્લાના ૧૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ છે આને જો પ્રોડેટા પ્રમાણે ગણવામાં આવે તો આ આંકડો સમગ્ર ગુજરાતનો માત્ર ધોરણ ૮માંથી ૯માં એડમિશન ન લઈને ડ્રોપ આઉટ થનારા વિદ્યાર્થીઓનો હોઈ શકે છે જે એક લાખથી વધુ હોઈ શકે છે. જે ગુજરાતના શિક્ષણ માટે ખૂબ જ ગંભીર બાબત છે અને ભારતીય જનતા પાર્ટીની સરકારની નિષ્ફળતા સાબિત કરે છે.




કલાસાધક આર્ટ ગ્રુપ દ્વારા ૧૫મી ઓગષ્ટના દેશ ભક્તિ થીમ આધારિત સ્પર્ધા યોજાઈ ગઈ. ૧૪ વર્ષ નીચેના બાળકો માટેની સ્પર્ધામાં બોયઝમાં કીવાન સોની, માધવન ગોહિલ, વ્યોમ સોની જ્યારે ગર્લ્સમાં દેવાંશી બારમેડા, નિયતિ બારમેડા, દિવ્યાંશી બુદ્ધભટ્ટી અનુક્રમે ૧,૨,૩ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. જયારે માત્ર ૧૧ માસની વિહાના કોટડીયાને સ્પે. વીનર જાહેર કરવામાં આવેલ.નિર્ણાયકો કવિતા સોલંકી (આદિપુર) કવિતા સોની (નેત્રા) દીપાબુદ્ધ (જામનગર) રહ્યા હતા. એમ કલાસાધક ગ્રુપના સંયોજક મહેશ ભાઈ સોનીએ જણાવ્યું હતું .

# ગાંધીનગરમાં નિજાનંદ ફાર્મ, ગિફ્ટ સિટીમાં શિક્ષાપત્રી ફાઉન્ડેશન દ્વારા ગરબાનું વિશાળ આયોજન

ગાંધીનગરમાં આવેલા શિક્ષાપત્રી ફાઉન્ડેશનને તેની , સેવાકીય કામગીરી કોરોના (સેકન્ડ વેવ) ૧૪ એપ્રિલ ૨૦૨૧ થી ટિફિન સેવાથી શરૂ કરી છે, તે સમયે સમગ ગાંધીનગર માં ઘરે ઘરે જઈને કોરોના પોઝિટિવ દર્દીઓને ટિફિન સેવા પહોંચાડાઇ હતી તથા ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સ્ટાફ દર્દીઓ, ૧૦૮ સ્ટાફ કે પોલીસ હોય તે તમામને આ સેવા પહોંચાડાઈ હતી .હાલમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દરરોજ ૫૦૦-૬૦૦ દર્દીઓને સાંજે નિઃશુલ્ક ખીચડી વિતરણ કરવામાં આવે છે. કોરોના સમયે ૫૧ હજારથી વધુ ટિફિન ની નિશુલ્ક વ્યવસ્થા કરી છે, અત્યાર સુધી બે લાખથી વધુ લોકોને વેજિટેબલ પાંચ ધાનની ખીચડી આપી જઠરાગ્નિને ઠારી છે, જે સેવા કાર્ય હાલમાં ચાલુ છે , નવરાત્રીના આયોજન સાથે આ સેવા કામગીરીનો વેગ આપવાનો ઉદ્દેશ છે, શિક્ષાપત્રી ફાઉન્ડેશન અને જોકર્સ આઈ ઈવેન્ટ સંયુક્ત પણે ગાંધીનગરમાં સેવા કાર્ય વિસ્તારના ભાગરૂપે નવરાત્રીના વિશાળ ગરબા નું આયોજન નિજાનંદ ફાર્મ, ગિફ્ટ સિટી ખાતે કર્યું છે. તારીખ ૧૫ ઓક્ટોબરથી ૨૩ ઓક્ટોબર દરમિયાન પાટનગર ગાંધીનગરમાં ×અંડર ધ મુન લાઈટ ગરબા ૨૦૨૩ ×નામથી શક્તિનું પર્વ નવરાત્રી ઉજવાશે. દરમિયાન મળેલા નાણાં




સેવા કાર્યોનેને વેગ આપવામાં વાપરવામાં આવશે. ગિફ્ટ સિટી નજીક ગરબા ના વિશાળ , અને સમગ્ર આયોજનમાં શિક્ષાપત્રી ફાઉન્ડેશનના ટ્રસ્ટીશ્રી નિમેષ ચૌધરી , વિષ્ણુ ચૌધરી , હિતેશ ચૌધરી અને જોકર્સ આઈ ઈવેન્ટ્સ ના રવિ ચતવાણી સંકળાયેલા છે. નિજાનંદ ફાર્મ, ગિફ્ટ સિટી ના ગરબાના વિશાળ આયોજનમાં કુલ ૭.૫૦ લાખ સ્ક્વેર ફૂટ ગ્રાઉન્ડ એરિયા અને ૩.૫ લાખ સ્ક્વેર ફૂટ પાર્કિંગ એરિયાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત શિક્ષાપત્રી ફાઉન્ડેશન દ્વારા દિવાળી નિમિત્તે મીઠાઈ વિતરણ કરવામાં આવે છે કોરોના કાળ દરમ્યાન અમારી સંસ્થાએ કરેલા સેવા કાર્યને જાણીતી સંસ્થા બીએપીએસ ના સત્સંગમાં સેવા કાર્ય ટિફિનસેવાની ખાસ નોંધ લેવામાં આવી હતી .જે અમારા માટે ગૌરવની અને સેવા કાર્યને આગળ ધપાવાના બળ સમાન ઘટના છે.

## હિમ્મત જીગર નિષ્ઠા દેશપ્રેમ ત્યાગ બલિદાનનું બીજું નામ અશફાક ઉલ્લા ખાન

૯ ઓગસ્ટ ૧૯૨૫ ના દિવસે અશફાક રામ પ્રસાદ બિસ્મીલ રાજેન્દ્ર લહરી ઠાકુર રોશન સિંઘ સચિન્દ્ર બક્ષી ચંદ્રશેખર આઝાદ કેશવ ચક્રવતી બનવારીલાલ મુકુંદીલાલ લખનો પાસે કાકોરીમા બ્રિટિશ સરકારનું નાણું લઈ જતી ટ્રેનને લૂંટી લીધી હતી.ટ્રેન લૂંટાયા પછી એક મહિના પછી ૨૬ સપ્ટેમ્બર ૧૯૨૫ ની સવારે બિસ્મીલને પોલીસ પકડી ગઈ અશફાક છેલ્લા સુધી પોલીસના હાથમા આવ્યા નહી.

અશફાક ગુપ્તવાસમા ચાલ્યા ગયા બનારસ જઈ ૧૦ મહિના સુધી એક ઈજનેરી કંપનીમા કામ કર્યું

એક મિત્રએ પોલીસને બાતમી આપતાં અશફાકની ધરપકડ કરવામાં આવી

અશફાકને ફેઝબાદની જેલમાં બંદી બનાવવામા આવ્યા અશફાક પર કેસ ચાલ્યો અશફાકના ભાઈ રિયસતુલ્લાહ વકીલ હતા

અશફાક જે વખતે જેલમાં હતા નિયમિત રીતે પવિત્ર કુરાને શરીફ પડતા હતા પાંચ સમયની નમાજ પણ પડતા હતા રોજા પણ રાખતા હતા

કાકોરી કેસમા બિસ્મીલ અશફાક રાજેન્દ્ર લહરી ઠાકુર રોશન સિંહને મુત્યુ દંડની સજા કરી હતી બાકીનાને આજીવન કારાવાસની સજા થઈ હતી

અશફાકને ૧૯ મી ડિસેમ્બર ૧૯૨૭ ના દિવસે ફેઝબાદ જેલમાં ફાંસી આપવામાં આવી હતી અશફાક તેમના માતૃભૂમિ પ્રત્યેના પ્રેમ તેમની સ્પષ્ટ વિચારસરણી હિંમત નિષ્ઠા અને જીગરને કારણે એક દંતકથા બની ગયા છેઅશફાક અને તેમના સાથીઓની કુરબાનીને હિંદી ફિલ્મ " રંગ દે બસંતી " ૨૦૦૬ મા લેવામાં આવી છે જેમાં અશફાકનો રોલ કુણાલકપૂરે ભજવ્યું હતું અબ્બાસભાઈ કૌકાવાલા..સુરત

# થરાદ નગરપાલિકાના બિલ્ડીંગનું અને ફાયર સ્ટેશનનો લોકાર્પણ કરાયું

થરાદ નગરપાલિકા નવું બિલ્ડીંગ છત્રપતિ શિવાજી સેવા સદન ને ફાયર બિલ્ડિંગનું આજે. લોકાર્પણ કરવામાં આવ્યું હતું ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી અને બનાસકાંઠા જિલ્લાના સાંસદ શ્રી પરબતભાઈ પટેલ વૃદ્ધ હસ્તે કરવા. મા આવ્યું હતું થરાદ નગરપાલિકાના બિલ્ડીંગનું લાંબા સમય થી. કામ ચાલી. રયુ હતું જેમાં કેટલાયે વિવાદો થી. ચર્ચિત નગરપાલિકા ના બિલ્ડીંગ નું લોકાર્પણને લઈને થરાદ ના નગરજનોને બોહળી સંખ્યામાં આમંત્રણ આપવામાં આવ્યું હતું નગરપાલિકાના કોર્પોરેટરો પૂર્વ પ્રમુખો ને પમુખો અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ થરાદ ભાજપ મહિલા મોરચાની મહિલાઓ ને ગ્રામજનો બોહળી સંખ્યામાંનગર જનો હાજર રહ્યા હતા



Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.